# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 04-02-2025 Day: TUESDAY Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

## સંસદ સંયુક્ત સત્ર :

સંસદના સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ગઈકાલે લોકસભામાં ચર્ચા થઈ હતી. વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિના ભાષણની ટીકા કરતા કહ્યું કે તે પાછલા વર્ષોનું પુનરાવર્તન હતું અને ફક્ત સરકારની સિદ્ધિઓની યાદી રજૂ કરી હતી. બેરોજગારીના મુદ્દા પર રાહુલ ગાંધીએ ચિંતા વ્યક્ત કરી હત . તેમણે કહ્યું કે દેશનો વિકાસ થયો હોવા છતાં સરકાર બેરોજગારીની સમસ્યા હલ કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે GDPમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો ૧૫.૩ ટકાથી ઘટીને ૧૨.૬ ટકા થવા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીએ ભાષણના અંતે કહ્યુ કે બંધારણ સર્વોચ્ચ છે અને તે દેશને હંમેશા દિશા આપતું રહેશે. ભાજપના સાંસદ રામવીર સિંહ બિધુડીએ આભારવિધિ રજૂ કરી અને નરેન્દ્ર મોદી સરકારની સિદ્ધિઓ, જેમાં જન કલ્યાણકારી યોજનાઓનો સમાવેશ થાય છે, તેનું વર્ણન કર્યું હતું. ભારતીય જનતા પાર્ટીના સાંસદ રવિશંકર પ્રસાદે આરોપ લગાવ્યો કે જ્યારે પણ મહાકુંભનો ઉલ્લેખ થાય છે ત્યારે કોંગ્રેસ ખુશ નથી હોતી. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં 35 કરોડ લોકોએ મહાકુંભમાં ભાગ લીધો છે. તેમણે કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે તે માને છે કે દેશ ચલાવવાનો અધિકાર ફક્ત તેને જ છે. ચર્ચા દરમિયાન અન્ય સાંસદોએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. સમાજવાદી પાર્ટીના નરેશ ચંદ્ર ઉત્તમ પટેલે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિના ભાષણમાં લઘુત્તમ ટેકાના ભાવ ગેરંટીનો કોઈ ઉલ્લેખ નહોતો.વિવિધ પક્ષોના ઘણા સાંસદોએ ચર્ચામાં ભાગ લીધો હતો. ચર્ચા બાદ ગૃહને આજે સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------

## મહાકુંભમાં અમૃત સ્નાન :

પ્રયાગરાજના મહાકુંભમાં વસંત પંચમીના અવસરે ત્રીજા અમૃત સ્નાન દરમિયાન ગઇકાલે બે કરોડ ૩૩ લાખથી વધુ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી. અમૃત સ્નાન એ મહાકુંભ મેળાનો સૌથી મહત્વપૂર્ણ અને પવિત્ર ધાર્મિક વિધિ છે. પહેલા બે અમૃત સ્નાન મકરસંક્રાંતિ અને મૌની અમાવસ્યાના રોજ થયા હતા.

---------------------------------------------------------------------------

## GCAS પોર્ટલ :

શૈક્ષણિક વર્ષ 2025-26 માં રાજ્યના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા મંત્રી ઋષિકેશ પટેલે સંબંધિત તંત્રને તાકીદ કરી છે. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગુજરાત કોમન એડમિશન સર્વિસિસની યોજાયેલી સમીક્ષા બેઠકમાં GCAS પોર્ટલ નવીન સુધારા સાથે કાર્યાન્વિત કરાયું છે. શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા અને રાજ્યની 11 સરકારી યુનિવર્સિટીઝના વાઇસ ચાન્સેલર્સ અને વિદ્યાર્થી સંગઠનની ઉપસ્થિતીમાં આ બેઠક યોજાઇ હતી.

---

## નગરપાલિકા ચૂંટણી : રાપર

રાપર નગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ ચકાસણી દરમિયાન 77માંથી 66 ફોર્મ માન્ય રહ્યા હતા જ્યારે 11 રદ થયા હતા.66 ઉમેદવારોમા ભાજપ અને કોંગ્રેસના 28-28, સાત આમ આદમી પાર્ટીના અને ત્રણ અપક્ષ વચ્ચે સીધો જંગ થશે. જોકે આજે કેટલાક ફોર્મ પરત ખેંચાય તે માટે બંને મુખ્ય પક્ષઓ દ્વારા જોર લગાવવામા આવી રહ્યું છે. ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા આજે  બપોરે 3 વાગ્યા સુધી ચાલુ રહેશે, ત્યારબાદ અંતિમ સ્થિતિ સ્પષ્ટ થશે.

---

## નગરપાલિકા ચૂંટણી : ભચાઉ

ભચાઉ નગરપાલિકામાં બે વર્ષના વહીવટી શાસન બાદ ભાજપની સત્તા નિશ્ચિત બની છે. સાત વોર્ડની 28 બેઠક માટેની ચૂંટણી માટે 61 જેટલા ઉમેદવારોએ પોતાના ફોર્મ પ્રાંત કચેરીમાં ભર્યા હતા. નાયબ મામલતદાર અજયપાલસિંહ ઝાલાએ વિગત આપતા જણાવ્યું હતું કે 61 ફોર્મમાંથી 46 ફોર્મ માન્ય રહ્યા છે અને 15 જેટલા ઉમેદવારી ફોર્મ રદ થયા છે.જયારે 10 ફોર્મ પરત ખેંચાયા છે. આ પરિસ્થિતિમાં ભાજપની 21   બેઠકો બિનહરીફ જાહેર થઈ છે અને માત્ર 7 બેઠકો પર ચૂંટણી યોજાવાની શક્યતા છે.

કોંગ્રેસ પક્ષે ભરેલા 17 ફોર્મમાંથી 10 ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા છે અને 1 ફોર્મ અમાન્ય જાહેર થયું છે. હાલમાં 1 અપક્ષ અને 6 કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે. ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા આજે  બપોરે 3 વાગ્યા સુધી ચાલુ રહેશે, ત્યારબાદ અંતિમ સ્થિતિ સ્પષ્ટ થશે.

ભાજપની આ નિશ્ચિત જીતને લઈને ભાજપ સમર્થકોએ ઢોલ .નગારા સાથે આગોતરી ઉજવણી કરી હતી-ધારાસભ્ય જાડેજાએ જણાવ્યું કે, પક્ષે સર્વ જ્ઞાતિઓને ધ્યાનમાં રાખીને ટિકિટની ફાળવણી કરી છે અને નગરના વિકાસમાં સૌને સાથે રાખવાનો પ્રયાસ કર્યો છે .

---

## લખપત - BSF દ્વારા નાગરિક પ્રવુતિ

લખપત તાલુકાના નારાયણ સરોવરની સરકારી માધ્યમિક શાળા ખાતે સોમવારે કચ્છ સેક્ટરના વડા ડીઆઈજી અનંતસિંહ અને 18 બટાલિયન બીએસએફભુજના કમાન્ડન્ટ સંજીવકુમાર અને નારાયણસરોવર - મંદિરના ગાદીપતિ સોનલલાલજી મહારાજની ઉપસ્થિતિમાં 18 બટાલિયન બીએસએફ દ્વારા નાગરિક પ્રવૃત્તિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં રૂપિયા 1 લાખ 59 હજાર ,981ની વિવિધ વસ્તુઓનું વિતરણ કરાયું હતું . આ પ્રસંગે નારાયણસરોવર ઉપરાંત આસપાસના ગામડાઓ કનોજ અને ગુવાર ગામના 175થી વધુ નાગરિકો-.આગેવાનો જોડાયા હતા

---------------------------------------------------------------------------------------------